ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૬૩ ટકા

ગાંધીનગર તાપમાન

કડી કેમ્પસમાં અનોખું ટોય હાઉસ

સે-૨ ઉના કેમ્પસમાં બાળકો માટેનું ક્રિએટીવ ઝોન એક વખત જોવાલાયક છે : તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેઈમ સ્વ. નટુકાકાએ ઉદઘાટન કર્યું હતું

ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સંકુલમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ક્રિએટીવ ઝોન બનાવાયો છે. આ ઉપરાંત નાના ભૂલકાંઓ માટે ખૂબ જ સુંદર ટોય હાઉસ બનાવાયું છે. નાના ભૂલકાંઓ રમકડાં સાથે ઓતપ્રોત રહી શકે તેના ભાગરૂપે કડી કેમ્પસ ખાતે ટોયહાઉસ તૈયાર કરેલ છે. જયાં નાના ભૂલકાઓ અભ્યાસની સાથે સાથે રમકડાંની મઝા માણી રહ્યા છે.

આ ટોય હાઉસનું ઉદઘાટન તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા ફેઈમ સ્વ.નટુકાકાની ખાસ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ ટોય હાઉસનું ઉદઘાટન વર્ષ ૨૦૧૩માં થયું હતું. જેમાં નાના નાના ભૂલકાઓ માટે ઘણી બધી રમતો તૈયાર કરવામાં આવી છે. ટોય હાઉસમાં નાના ભૂલકાઓને પોતાના બાળપણના અસ્તિત્વના દર્શન કરાવવા તેમજ તેમનામાં વિવિધ મૂલ્યોનું અભિસ્થાપન થાય તે માટે માનસિક શકિત વિકાસ માટેની રમતો જેવી કે સેન્ડપીટ, સાયકલીંગ, ટ્રેડ મીલ, કિચન કોર્નર, કોમ્પ્યુટર લેબ, મીની થિયેટર, પઝલ્સ, પ્લેટ સ્ટેશન, કેરમ, સાપસીડી, ટેક ધ ગ્લાસ, ગુડ કેચ, રીંગ થ્રો, બેલેન્સીંગ, મિસ્ટ્રી ગેમ, ડ્રાઈવર કાર, મન્કી બાસ્કેટ, સંગીત ખુરશી, ટ્રેન સવારી, પિક ધ ફિશ, મેમરી ગેમ, રબર પરોવણી, ખુટતી જગ્યા પુરો, રેતીયા અક્ષરો, મણકા પરોવણી, કલર્સ ગેમ વિગેરે અને અત્યાધુનિક મનોરંજન ઉપકરણો મુકવામાં આવ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સંકુલના જુનિયર કે.જી.થી લઈ ધોરણ ૨ સુધીના નાના ભૂલકાઓ આ ટોય હાઉસની મજા માણી રહ્યા છે. શાળામાં તેઓને ટાઈમ ટેબલમાં વિષય જ આપેલા છે જેમાં અઠવાડિયામાં એક વખત આ ટોય હાઉસની મુલાકાત માટે લઈ જવાય છે. ટોય હાઉસ માટે કુલ ત્રણ શિક્ષકો તેમની ફરજ બજાવી રહ્યા છે. તેઓ બાળકોને સુંદર રીતે મેનેજમેન્ટ કરીને રમતોની સાથે ભણતર શીખવી રહ્યા છે. એક વર્ગના કુલ ૬૦ જેટલા નાના ભૂલકાઓ હોય છે. જેઓને અલગ અલગ ચાર વિભાગમાં ગોઠવીને રમતો રમાડવામાં આવે છે. જેમાં નાના ભૂલકાઓને સૌથી વધુ કાર ડ્રાઈવ કરવાનું ગમે છે જયારે નાની બાળકીઓને કીચન કોર્નર સૌથી વધુ ગમે છે. આ ટોય હાઉસમાં નાના બાળકોને ૧૦ મિનિટ ટ્રેનની સફર કરાવવામાં આવે છે. જેનો ટ્રેક સંકુલમાં બનાવાયો છે. આ ટ્રેનમાં સવારી કરવા માટે બાળકો માટે ટીકીટ બૂથ પણ બનાવાયો છે. જેમાં બાળકોને સવારી કરવા માટે કોઈન આપવામાં આવે છે. બાળકોએ ટ્રેન સવારી કરતા પહેલા કોઈન લેવો જરૂરી છે તે અંગે જાણકાર બને છે. આ સાથે જ બાળકોને સામાન્ય જ્ઞાનની બધી જ માહિતીઓ શિક્ષકો દ્વારા પુરી પાડવામાં આવે છે. જેમાં ટ્રાફિકના નિયમો, ટ્રેકની ઓળખ, કાર ચલાવવી, સિગ્નલની સમજ કેળવી શકે છે. એજયુકેશન પઝલમાં બાળકોને આકારોનું જ્ઞાન, મૂળાક્ષરો-શબ્દોનું જ્ઞાન, આલ્ફાબેટ સ્પેલિંગનું જ્ઞાન, રંગોનું જ્ઞાન, અંકોનું જ્ઞાન, વિવિધ પ્રાણી, પક્ષી, ફળો, શાકભાજી, વાહનોનું જ્ઞાન, અવાજોની ઓળખ વિગેરે હેતુસર ટોય હાઉસની રચના કરવામાં આવી છે.

ક્રિએટીવ ઝોન : રોજબરોજમાં વપરાતી વસ્તુઓના ઉપયોગ દ્વારા વિજ્ઞાનના સત્યો સમજાવતા મોડેલ્સની બનાવટ આ ક્રિએટીવ ઝોનમાં કરવામાં આવી છે. વિજ્ઞાનના છૂપા રહસ્યોને સાદા અને સરળ પ્રોજેકટ દ્વારા વિદ્યાર્થી માનસમાં લઈ જવા માટે અદભૂત મોડેલ્સ બનાવાયા છે. વિદ્યાર્થીઓ દ્વારા જાતે જ મહેનત કરીને પોતાના પ્રયત્નો થકી પ્રયોગો દ્વારા વિજ્ઞાનના ગાઢ સત્યોને બહાર લાવવા માટે ક્રિએટીવ ઝોન બનાવાયો છે. જેમાં જાત અનુભવમાંથી વિજ્ઞાનના સિધ્ધાંતોને સમજવાની તક શાળાના વિદ્યાર્થીઓને આપી રહ્યા છે. જેમાં વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહથી અવનવા વિજ્ઞાન અને ગણિતના મોડેલ્સની રચના કરી રહ્યા છે.

કાફટ ઝોન : બાળકોમાં રહેલી તીવ્ર ગ્રહણશકિતને સર્જનશીલતામાં કેળવવાની પ્રવૃત્તિઓ નકામી લાગતી વસ્તુઓમાંથી કંઈક નવું, કલાત્મક અને રચનાત્મક વસ્તુઓ શિક્ષકો વિદ્યાર્થીઓ મારફતે બનાવડાવે છે. વિદ્યાર્થીઓની અકલ્પનીય આનંદની દુનિયાને વાસ્તવિક વાતાવરણ પુરી પાડી રહ્યા છે. જેમાં વિદ્યાર્થીઓ ગૌરવથી કહેતા થાય કે આ જાતે બનાવ્યું છે તથા તેમને ગમતા આકર્ષક, ઉપયોગી નમૂનાઓ અને ઓછા સમયમાં કરામતભર્યા નમૂનાની બનાવટ કરવામાં આવે છે.

ડ્રીમ લેબ : વિદ્યાર્થીના સપનાની લેબ... એવી લેબ જયાં નાની ખીલીથી લઈને ડ્રીલ મશીન નાની એલઈડીથી લઈને સોલ્ડરીંગ મશીન થર્મકોલોથી લઈને પીવીસી શીટ બધી જ જાતના ગુંદર, સેલોટેપ, ટુલ્સ, કીટો અને આધુનિક સાધનો વાપરવાની વિદ્યાર્થીઓને તક મળે છે. ૧૦૦૦થી પણ વધારે મોડેલ્સના વિડિયો જોઈને કોઈ પણ સમય મર્યાદામાં બંધાયા વગર મોડેલ્સ બનાવી શકે છે. એવી લેબ જયાં પુસ્તકીયા જ્ઞાન કરતા આવડત પર વધારે ધ્યાન આપવામાં આવે છે.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત કે.જી.થી પ્રાથમિક તથા માધ્યમિકના વિદ્યાર્થીઓના શિક્ષણની સાથે સાથે આંતરિક વિકાસને ધ્યાને લઈ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન અને ફેકલ્ટી ઓફ એજયુકેશનના પ્લાનિંગ મુજબ આ ઝોન તૈયાર કરાયો છે.

જન્મદિને વધામણી

શૈલેષભાઈ પંડ્યા
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ
નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫

અમિત પારેખ
પ્રમુખ એનએસયુઆઈ
ગાંધીનગર જિલ્લા
મો.૮૩૨૦૭ ૬૦૦૦૮

મુકેશ કે. દવે
મો. ૯૭૨૩૨ ૧૩૮૩૪

ઉજ્જવલ પૈશ્ચક
મો.૯૮૯૨૪ ૬૬૪૫૬

ક્ષેણિક પ્રજાપતિ
મો.૮૧૪૦૨ ૬૫૩૯૧

જિયા ઉમંગ પાનવાલા
મો.૯૮૯૮૫ ૭૪૬૫૦

રવિવારે ડિસેમ્બર માસની પુસ્તક પરબ બલરામ મંદિરમાં યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં છેલ્લાં સાત વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. ડિસેમ્બર માસની પુસ્તક પરબ સેક્ટર - ૧૨માં ઉમિયા મંદિર પાસેના બલરામ મંદિર ખાતે તા. ૫મી ડિસેમ્બર રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. આ પરબ સોશીયલ ડિસ્ટન્સના નિયમોની કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવું હિતાવહ રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક, સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા બે - ત્રણ વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

સમર્પણ ક્રિકેટ એકેડેમીએ સ્પેશિયલ ૨૬ને ૭૪ રને પરાસ્ત કરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમાયેલી લીગ મેચમાં સમર્પણ ક્રિકેટ એકેડેમીની ટીમે સ્પેશિયલ ૨૬ ક્રિકેટ એકેડેમીને ૭૪ રને હાર આપી હતી. આ મેચમાં સમર્પણ ટીમના યુવરાજસિંહ અડધી સદીથી માત્ર બે રન દૂર રહ્યા પરંતુ ટીમને જીતાડીને મેન ઓફ ધ મેચનો ખિતાબ હાંસલ કર્યો હતો.

જીએમએલ ૨૦૨૧માં સ્પેશિયલ ૨૬ની ટીમે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી. સમર્પણની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૪૮.૪ ઓવરમાં ૧૦ વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. જેમાં યુવરાજસિંહના ૪૮ રન અને આર્યદેવસિંહ વાઘેલાના ૩૮ રન મુખ્ય હતા. સ્પેશિયલ-૨૬ વતી તન્મય પટેલ, કુલદીપ મર્ચન્ટ, નિરજ વાઘેલા અને આદિ પટેલે બે-બે વિકેટ મેળવી હતી. જો કે ૧૭૭ રનનો લક્ષ્યાંક હાંસલ કરવા મેદાને પડેલી સ્પેશિયલ-૨૬ની ઈનિંગ ૩૫.૩ ઓવરમાં માત્ર ૧૦૨ રનમાં સમેટાઈ જતાં સમર્પણ એકેડેમીનો ૭૪ રને ભવ્ય વિજય થયો હતો. સ્પેશિયલ-૨૬ ટીમ વતી આદિ પટેલે ૨૮ રન સાથે લડત આપી હતી જયારે સમર્પણ ટીમના મંથન ઉપાધ્યાયે ૨૩ રનમાં અને દુષ્યંત ચૌધરીએ ૧૧ રનમાં બે વિકેટ ખેરવી ટીમને વિજય અપાવવામાં યોગદાન આપ્યું હતું.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની સેવાકીય પ્રવૃત્તિનો પુનઃ આરંભ

ગાંધીનગર, તા.૩

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ સેવાભાવી સંસ્થાના ૨૬ વર્ષ પૂર્ણ થયા છે. કોરોના મહામારીમાં સંસ્થાની અનેક મર્યાદાઓ વચ્ચે જનસેવામાં પણ સંસ્થાની કેટલીક મર્યાદાઓ હતી તેમ છતાં તેવા દુઃખદ સમયમાં પણ સંસ્થાએ જિલ્લા તથા જિલ્લા બહાર સેવાકીય પ્રવૃત્તિનો ઉપક્રમ જાળવી રાખ્યો હતો. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલનું કાર્યાલય દર મંગળ, ગુરુ અને શનિવારે સાંજે ૪થી ૬ કલાક દરમિયાન ૭૯૦/એ નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧ ખાતે નિયમિત રીતે કાર્યરત થયેલ છે. તેથી સંસ્થાના તમામ હોદ્દેદારો, સભ્યો અને શુભેચ્છકો ઉપરોકત દિવસોમાં કાર્યાલયની મુલાકાત લઈ પ્રવૃત્તિને વેગ આપવામાં સહયોગ આપે તેવી વિનંતી કરી હતી. તથા સે-૭માં આવેલ યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ માટેની ખીચડી સેવા દર ગુરુવારે ચાલુ થયેલ છે. આ ઉપરાંત ફરતું દવાખાનું, એમ્બ્યુલન્સ સેવા નિયમિત રીતે નાગરિકોની સેવામાં જોડાયેલ છે

પી.આર. ઠકકર વિદ્યા વિહાર મગોડીમાં મનોવૈજ્ઞાનિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

મગોડી સ્થિત પી.આર. ઠકકર વિદ્યાવિહારમાં મનોવૈજ્ઞાનિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો હતો. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી મનોચિકિત્સક ડૉ. વિધિ મોદી, મનોવૈજ્ઞાનિક ડૉ.નુરીન ચૌધરી, સ્ટાફ નર્સ મનીષાબેન, શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તેમજ શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. પરિવારમાં કોઈ વ્યકિત માનસિક બિમારીનો ભોગ બનેલ હોય તો તેને કેવી રીતે મદદરૂપ થવાય તેમજ પરીક્ષામાં થોડી મહેનતથી વધુ માર્કસ કેવી રીતે લાવી શકાય, મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ કેવી રીતે ટાળવો તેની માહિતી પુરી પાડી હતી.

દિવ્યાંગોના પડતર પ્રશ્નો ઉકેલવા સરકારને રજૂઆત

દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા ગુજરાત રાજયના દિવ્યાંગ પ્રશ્નો અને અધિકારોની માંગણીને ન્યાય આપવા અને અમલવારી કરવા બાબતે સરકારને આવેદનપત્રો આપી વિવિધ પ્રશ્નોની રજૂઆત કરાઈ હતી. જેમાં ગુજરાત રાજયના તમામ દિવ્યાંગોને રૂ. ૫૦૦૦ મહીને પેન્શન મળવું જોઈએ જે ઘરમાં દિવ્યાંગ હોય તેને ધારાધોરણ મુજબ ૦ થી ૧૬ બીપીએલ યાદીમાં સામેલ કરવું અન્યથા સરકારી દિવ્યાંગની યોજનાઓમાંથી બીપીએલમાંથી નાબુદ કરવું, ગુજરાત રાજયમા દિવ્યાંગ વિકાસ નિગમની રચના કરી સીધા ધીરાણની લોન ઉપલબ્ધ કરાવવી, નિગમની લોનમાં જામીન કે ગીરોખત નાબુદ કરવું, પદાધિકારીમાં નિમણુંક દિવ્યાંગોની કરવી, ૨૦૧૬ના દિવ્યાંગ ધારાનો ગુજરાતમાં ચુસ્તપણે અમલ કરવામાં આવે, પંચાયતથી પાર્લામેન્ટ સુધી પ્રતિનિધિત્વ આપવામાં આવે, રોજગાર ભરતી મેળા યોજી દિવ્યાંગોને રોજગારી આપવામાં આવે જેવી વિવિધ માંગણીઓ કરવામાં આવી હતી.

સે-૩ ન્યુ ખાતે રસીકરણ કાર્યક્રમ યોજાવામાં આવ્યો

ગાંધીનગર, તા.૩

કોરોના મહામારીને નાથવા માટે રસીકરણનું શસ્ત્ર કારગત નીવડતું જણાવ્યું છે, જેને અનુલક્ષીને રસીકરણને વધુ સઘન બનાવવા ના પ્રયત્ન રૂપે આજરોજ સેક્ટર-૩ન્યુમાં સરકારી દવાખાના ખાતે વોર્ડ નં.૯ના કોર્પોરેટર્સ અને વોર્ડમાં ભાજપના કાર્યકર્તાઓ અને કોર્પોરેટર્સની હાજરીમાં રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રસીકરણ કાર્યક્રમમાં સેક્ટર-૩ન્યુના વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા દ્વારા કોર્પોરેટરોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ વસાહત મંડળના અન્ય સભ્યો અને સેક્ટર-૨ના સિનિયર સિટીઝન અગ્રણી દવે કાકા પણ ઉપસ્થિત રહ્યાં હતા. રસીકરણ કાર્યક્રમના લાભાર્થીઓનું અને રસી આપનાર આરોગ્ય કર્મચારીઓ વેગેરેનું સ્વાગત કરી પુષ્પગુછ અર્પણ કરવામાં આવ્યાં હતા. આ તબક્કે સે.૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ અને અન્ય સભ્યો દ્વારા તમામનો આભાર માની રસીકરણ કેમ્પને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર ખાતે 'વિશ્વ વિકલાંગ દિન'ની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૩

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, સેકટર-૨૮ ખાતે 'વિશ્વ વિકલાંગ દિન'ની ભવ્ય ઉજવણી કરાઈ હતી.

જેમાં આશરે ૧૦૦થી વધુ મૂક-બધિર બાળકોને સી.આર.સી., અમદાવાદ દ્વારા નિઃશુલ્ક હીયરીંગ એઈડ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં સીઆરસીના ડાયરેકટર એસ.એસ. કુમાર, ચૂંટણી અધિકારી પ્રાંતિ અધિકારી (૩૬ વિધાનસભા) મતદાન જાગૃતિ કાર્યક્રમનું માર્ગદર્શન આપ્યું હતું તથા શાળાના ટ્રસ્ટી નિશીતભાઈ વ્યાસ, રાજેશ પંચોલી (મેનેજીંગ ડીરેકટર, દૂધ વાપરનારાઓની મંડળી) અને સે-૨૮ના કોર્પોરેટર અંકિતભાઈ બારોટ તથા જીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સંચાલક વૈભવ કે. જાનીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં હજાર ૩૦૦ જેટલા વિકલાંગ બાળકોને ડીવાયએસપી ગંભીરસિંહ પઢેરીયા દ્વારા ભોજન પીરસવામાં આવ્યું હતું.

ગાંધીનગર તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓને અનુલક્ષીને તાલુકા પંચાયત ખાતે સરપંચની ઉમેદવારી માટે ફોર્મ ભરવા ગ્રામીણ વિસ્તારોના ઉમેદવારો તથા તેમના ટેકેદારોનો ભારે ધસારો થયો હોવાને કારણે શહેરના ઘ-માર્ગ પર ભરચક ટ્રાફિક જોવા મળ્યો હતો. એક તબક્કે વધુ પડતાં ટ્રાફિકને કારણે ઘ-માર્ગ પર સે.૧૨ના ઉમિયા મંદિરથી કોર્ટ તરફ જવાના કટને પણ ટ્રાફિક નિયમન માટે બેરિકેડ્સ મુકી બંધ કરવાની ફરજ પડી હતી.

સે-૩માં રવિવારે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૩

સેકટર-૩સી ખાતે ભકત વલ્લભ ધોળા રચિત ૧૧૮ પદનો આનંદનો ગરબો આયોજિત કરેલ છે. જે રવિવારે બપોરે ૧ થી ૪ કલાકે મધુબેન કડીકરના સુરમધુર કંઠે પ્રિન્સીબેન પટેલ પ્લોટ નંબર ૧૨૮૯/૨ ખાતે યોજાનાર છે. જેમાં અન્નકૂટના પ્રસાદનું આયોજન કરેલ છે તથા ભકતજનોએ યથાશકિત પ્રસાદ લાવવાનો રહેશે. આ પ્રસંગે વોર્ડ નં.૮ના ભાજપ પ્રમુખ મેહુલભાઈ પટેલે અન્નકૂટ પ્રસાદમાં સહયોગ આપ્યો છે. સૌ ભકતજનોએ આનંદના ગરબાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.